**:: નમુના – અ ::** આંક–૩૦

**બગસરાનાં મહે.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મું.બગસરા.**
**ચુકાદાની તારીખ : ૧૮/૦૪/૨૦૨૬**
**ફોજદારી કેસ નં.૧૫૯/૨૦૨૫**

:: ગુનાની વિગત ::

| | |
|---|---|
| ગુનાની કલમ | ભારતીય ન્યાય સંહિતાની કલમ–૮૫,૧૧૫(૨),૩૫૧(૩),૫૪ તથા દહેજ પ્રતિ.ધારા–૪ મુજબ. |
| પ્ર.માહિતી અહેવાલ નંબર | ૧૧૧૯૩૦૦૯૨૫૦૦૦૨/૨૦૨૫ |
| પોલીસ સ્ટેશન | બગસરા પોલીસ સ્ટેશન |
| ફરીયાદી પક્ષ | શ્રી સરકાર |
| રજુઆત | વિ.એ.પી.પી.શ્રી બી.એમ.પટેલ. |
| આરોપી પક્ષ | **(૧) નીકુંજભાઇ છગનભાઇ ગજેરા,** ઉ.વ.૩૩, ધંધો–વેપાર,<br>**(૨) ભાનુબેન વા/ઓ છગનભાઇ રવજીભાઇ ગજેરા,** ઉ.વ.૫૦, ધંધો–ઘરકામ,<br>**(૩) છગનભાઇ રવજીભાઇ ગજેરા,** ઉ.વ.૫૫, ધંધો–ખેતી,<br>**(૪) હીરલબેન ડો/ઓ છગનભાઇ રવજીભાઇ ગજેરા,** ઉ.વ.૨૯,ધંધો–ડોકટર, રહે.તમામ મુળ–વલારડી, તા.બાબરા, જી.અમરેલી, હાલ રહે.તમામ સુરત, સાગર સોસાયટી ડી–૩૭ એલ.એચ.રોડ વરાછા, તા.જી.સુરત |
| રજુઆત | વિ.વ.શ્રી.વી.વી.ઠાકર. |

**:: નમુના –બ ::**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૨૮/૦૮/૨૦૨૪ |
| પ્ર.માહિતી અહેવાલની તારીખ | ૦૩/૦૧/૨૦૨૫ |
| આખરી અહેવાલની તારીખ | ૧૯/૦૨/૨૦૨૫ |
| તહોમતનામાની તારીખ | ૨૩/૦૪/૨૦૨૫ |
| પુરાવો શરુ થયાની તારીખ | ૦૯/૦૩/૨૦૨૬ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૦૧/૦૪/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૮/૦૪/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ(લાગુ પડે તો) | – |

**:: આરોપીની વિગત ::**

| આરોપીનો અનુક્રમ | આરોપીનુ નામ | ઘર પકડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા/સજા કરી | કરવામા આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયતનો સમયગાળો ફો.કા સંહિતાની કલમ ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧.<br>૨.<br>૩.<br>૪. | નીકુંજભાઇ છગનભાઇ ગજેરા,<br>ભાનુબેન વા/ઓ છગનભાઇ રવજીભાઇ ગજેરા,<br>છગનભાઇ રવજીભાઇ ગજેરા,<br>હિરલબેન ડો/ઓ છગનભાઇ રવજીભાઇ ગજેરા, | – | – | બી.એન.એસ.ની કલમ – ૮૫,૧૧૫(૨),૩૫૧(૩),૫૪ તથા દહેજ પ્રતિ. ધારા–૪ | નિર્દોષ છોડયા | – – | – – |

**:: નમુના –ક::**

ફરીયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષીની યાદી

અ.ફરીયાદી પક્ષ

| અનુ.ક્ર | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ફ.સ.૧ | મનીષાબેન ઉર્ફે મનસ્વીબેન નીકુંજભાઇ ગજેરા | ફરીયાદી |

બ.બચાવ પક્ષ

| અનુ.ક્ર | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ૧ | – | – |

ક.ન્યાયાલય

| અનુ.ક્ર | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ૧ | – | – |

ફરીયાદી/બચાવ/ન્યાયાલયના આંકની યાદી

અ.ફરિયાદ આંકની યાદી

| અનુ.ક્ર | આંકની સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | ૨૭ | ફરીયાદ |

બ.બચાવ આંકની યાદી

| અનુ.ક્ર | આંકની સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | –– | –– |

ક.ન્યાયાલય આંકની યાદી

| અનુ.ક્ર | આંકની સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | – | – |

ડ.ભૌતિક પદાર્થ

| અનુ.ક્ર | આંકની સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | – | – |

**: <u>ઠ રા વ</u> :**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૨૮/૦૮/૨૦૨૪ ના કલાક ૧૫/૦૦ વાગ્યે સુરત, સાગર સોસાયટી ડી–૩૭ એલ.એચ.રોડ વરાછા, તા.જી.સુરત મુકામે આ કામના આરોપીઓએ ફરીયાદીના લગ્ન તા.૦૪/૦૩/૨૦૨૪માં આ કામના આરોપી નં.૧ સાથે થયેલ અને થોડો સમય ફરીયાદીને સાસરીયામાં સારી રીતે રાખેલ બાદ આ કામના આરોપી નં.૧થી ૪નાઓએ ફરીયાદીને કરીયાવર બાબતે તથા ઘરકામ બાબતે મેણાટોણા બોલી શારીરિક તથા માનસિક દુઃખ ત્રાસ આપી તેમજ અવારનવાર ફરીયાદી પાસે સોનાના દાગીનાની માગણી કરી આરોપી નં.૧નાએ ફરીયાદીને શરીરે ઢીકાપાટુનો મુંઢ માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાએ મદદગારી કરી, આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૮૫,૧૧૫(૨),૩૫૧(૩),૫૪ તથા દહેજ પ્રતિ.ધારા–૪ મુજબના ગુનાની ફરીયાદ બગસરા પોલીસ સ્ટેશન

ગુ.ર.નં.૧૧૧૯૩૦૦૯૨૫૦૦૦૨/૨૦૨૫થી નોંધાયેલ. જે અંગે તપાસ કરનાર અમલદારે તપાસ કરતા તપાસના અંતે આરોપીઓ વિરૂદ્ધ પુરતા પુરાવા જણાતા ચાર્જશીટ કરતા હાલનો કેસ ઉપસ્થિત થયેલ છે.

(૨) આરોપીઓને સમન્સ કાઢવામાં આવતા તેઓ કોર્ટ સમક્ષ હાજર થયેલ છે અને તેમને કેસના કાગળોની એક નકલ આપવામાં આવેલ છે. આરોપીઓ સામે **આંક–૯**થી તહોમતનામુ ફરમાવેલ છે અને **આંક–૧૦**થી **આંક–૧૩** સુધી પ્લી નોંધવામાં આવેલ છે. જેમા ગુનો કર્યાનો ઈન્કાર કરેલ હોય જેથી કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષ તર્ફે **આંક–૨૮**થી સદર કામે ફરીયાદીની જુબાની આપેલ હોય વધુ પુરાવો ફરીયાદના કામે આપવા માંગતા ન હોય તે મુજબની કલોઝીંગ પુરશીષ આપવામાં આવેલ છે. આરોપીઓ વિરૂદ્ધ રેકર્ડ ઉપર અંશત: પણ પુરાવો ન હોય આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીઓ તર્ફે વિ.વ.શ્રી વી.વી. ઠાકરનાઓની દલીલો સાંભળવામાં આવેલ છે.

**(૪) ઉપરોકત ચર્ચાને આધારે સદર કેસમાં નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયા છે :**

**૧.** શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પર પરવાર કરે છે કે, તા.૨૮/૦૮/૨૦૨૪ ના કલાક ૧૫/૦૦ વાગ્યે સુરત, સાગર સોસાયટી ડી–૩૭ એલ.એચ.રોડ વરાછા, તા.જી.સુરત મુકામે આ કામના આરોપીઓએ ફરીયાદીના લગ્ન તા.૦૪/૦૩/૨૦૨૪માં આ કામના આરોપી નં.૧ સાથે થયેલ અને થોડો સમય ફરીયાદીને સાસરીયામાં સારી રીતે રાખેલ બાદ આ કામના આરોપી નં.૧થી જનાઓએ ફરીયાદીને કરીયાવર બાબતે તથા ઘરકામ બાબતે મેણાટોણા બોલી

શારીરિક તથા માનસિક દુ:ખ ત્રાસ આપી તેમજ અવારનવાર ફરીયાદી પાસે સોનાના દાગીનાની માગણી કરી આરોપી નં.૧નાએ ફરીયાદીને શરીરે ઢીકાપાટુનો મુંઢ માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાએ મદદગારી કરી, આરોપીઓએ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૮૫,૧૧૫(૨),૩૫૧(૩),૫૪ તથા દહેજ પ્રતિ.ધારા–૪ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

૨. શું હુકમ ?

**(૫) ઉપરોકત મુદ્દા માટેના અત્રેની કોર્ટના નિર્ણયો અને કારણો નીચે મુજબ છે.**

મુદ્દા નં.૧:– નકારમાં.

મુદ્દા નં.૨:– આખરી હુકમ મુજબ.

**રેકર્ડ થયેલ પુરાવાનો ટુંકસાર:–**

(૬) ફરીયાદપક્ષે તેમના કેસની હકીકત પુરવાર કરવા માટે **આંક–૨૬થી ફરીયાદી–મનીષાબેન ઉર્ફે મનસ્વીબેન નીકુંજભાઇ ગજેરા**નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. જેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, મારા લગ્ન આશરે બેએક વર્ષ પહેલા તા.૦૪/૦૩/૨૦૨૪ના રોજ વલારડી ગામે તાલુકો બાબરા મુકામે રહેતા નીકુંજ છગનભાઇ ગજેરાનાઓની સાથે અમારી જ્ઞાતિના રીતરીવાજ મુજબ થયેલ. લગ્ન બાદ હું મારા પતિ સાથે સંયુકત કુટુંબમાં સાસુ સસરા અને નણંદ સાથે સુરત મુકામે રહેવા ગયેલ અને લગ્ન જીવનના એકાદ મહીના સુધી મને સારી રીતે રાખેલ અને ત્યારબાદ ઘરકામ બાબતે મારે સાસુ અને નણંદ અને પતિ સાથે નાની બાબતે બોલાચાલી અને ઝઘડા થતા. મારી રસોઇ સારી બનતી નથી તેમ કહી મારી સાથે આરોપીઓ વારંવાર નાનીમોટી બાબતે ટકોર કરતા જેથી એકાદ મહીના બાદ મે મારા નાનાભાઇ પ્રદીપભાઇને ફોન કરી સુરત બોલાવેલ અને

પ્રદીપભાઇએ સુરત આવી મને ડેરીપીપરીયા મુકામે તેડી ગયેલ ત્યારબાદ મે અમરેલી મહીલા સહાયતા કેન્દ્ર ખાતે અરજી કરેલ હતી જે અન્વયે આરોપીઓ અને અમોને કાઉન્સેલીંગ માટે બોલાવવામાં આવેલ પરંતુ અમારે સમાધાન થયેલ નહી જેથી મે તા.૦૩/૦૧/૨૦૨૫ના રોજ આ કામના આરોપીઓ વિરૂદ્ધ બગસરા પોલીસને ફરીયાદ આપેલ તેની ફરીયાદની ખરી નકલ બતાવતા તેમા મારી સહી છે, જે હું ઓળખી બતાવુ છુ. જેને રજુ દાખલ આંક-૨૭ આપવામાં આવે છે. આ કામે આરોપીઓ નામ.કોર્ટમાં હાજર નથી. આ સિવાય બનાવ સમયે બીજુ કશુ બનેલ નહી. **આ ફરીયાદી ફરીયાદપક્ષનાં કેસને સંપૂર્ણ સમર્થન કરતાં ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ. ત્યારબાદની ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષ તેમને સમર્થનકારક કોઇ હકિકતો રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. સદર ફરીયાદી બચાવપક્ષ તર્ફેની ઉલટતપાસમાં એ હકીકત જણાવે છે કે,** એ વાત ખરી છે કે, લગ્ન બાદ હું આરોપીઓ સાથે સુરત મુકામે માત્ર એક જ મહીનો સાસરીમાં રોકાયેલ હતી. એ વાત ખરી છે કે મારે આરોપીઓ સાથે જે કોઇ બોલાચાલી કે ઝઘડા થયેલ તે ઘરકામ બાબતે થયેલ. એ વાત ખરી છે કે આરોપીઓએ કોઇ સોનાના દાગીનાની ગેરકાયદે માંગણી કરેલ નથી કે મને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય કે મુંઢ માર મારેલ હોય તેવુ બનેલ નથી.

**<u>રેકર્ડ થયેલ પુરાવાઓનુ મૂલ્યાંકન :-</u>**

(૭) ફરીયાદપક્ષ તર્ફે રજુ થયેલ મૌખિક પુરાવાનું તેમજ દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન કરતા તેમજ તેની સાથે ઉભય પક્ષકારો તર્ફે કરાયેલ વિસ્તૃત મૌખિક દલીલો ધ્યાને લેતા તેમજ હાથ ઉપર રહેલ કેસનું રેકર્ડ વંચાણે લેતા સ્પષ્ટ થાય છે કે, આ કામનાં આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૮૫,૧૧૫(૨),૩૫૧(૩),૫૪ તથા દહેજ પ્રતિ. ધારા-૪ મુજબના ગુન્હાનો આરોપ રહેલ છે. ફોજદારી કાયદાશાસ્ત્રના પ્રસ્થાપિત સિદ્ધાંત અનુસાર, આરોપીઓ સામે આક્ષેપાયેલ ગુનાહીત કૃત્યની હકીકતો ફરીયાદપક્ષ દ્વારા વ્યાજબી શંકાથી પર પુરવાર કરવી જોઇએ.

(૮) ઉપરોકત ચર્ચા કર્યા અનુસાર, ફરીયાદપક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવાને ધ્યાને લેતા, ફરીયાદપક્ષે ભોગ બનનાર ફરીયાદીની જુબાની વંચાણે લેતા, તેણીએ ફરીયાદપક્ષનાં કેસની હકીકતને સમર્થનકારક પુરાવો આપેલ નથી અને તેણીને ફરી ગયેલ જાહેર કરવામાં આવેલ છે. ફરીયાદીનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા તેઓએ તેમની ઉલટતપાસમાં એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, **લગ્ન બાદ હું આરોપીઓ સાથે સુરત મુકામે માત્ર એક જ મહીનો સાસરીમાં રોકાયેલ હતી, મારે આરોપીઓ સાથે જે કોઇ બોલાચાલી કે ઝઘડા થયેલ તે ઘરકામ બાબતે થયેલ, આરોપીઓએ કોઇ સોનાના દાગીનાની ગેરકાયદે માંગણી કરેલ નથી કે મને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય કે મુંઢ માર મારેલ હોય તેવુ બનેલ નથી.** તેવુ ફરીયાદી પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવતા હોય આમ, આ સંજોગોમાં આરોપીઓ સામેના આક્ષેપયુકત અપરાધને વ્યાજબી શંકાથી પર ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી.

(૯) ફરીયાદપક્ષ તર્ફે રજુ થયેલ તમામ પુરાવાઓની પ્રકૃતિ એ મુજબની છે કે જે હાલના કેસની પ્રકૃતિ અનુસાર કેસોને પુરવાર કરવા માટે ખૂબ જ અપુરતી છે. ફરીયાદપક્ષે આરોપીઓ સામે જે આક્ષેપ મુકેલ છે તેનો પુરાવો તેમણે રેકર્ડ પર રજુ કરેલ નથી. આરોપીઓ સામે જે મુજબનો ગુનો કર્યાનો આક્ષેપ છે તે પ્રકૃતિને ધ્યાને લેતા સ્પષ્ટ થાય છે કે, ફરીયાદપક્ષ દ્વારા રેકર્ડ પર રજુ થયેલ મૌખિક પુરાવાઓ ખુબ જ અસ્પષ્ટ અને અપૂરતા છે. ફરીયાદી ની જુબાનીની ગુણવત્તા આરોપીઓ સામે હાલનો કેસ વ્યાજબી શંકાથી પર પુરવાર કરવા ખૂબ જ અપુરતી છે. ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ની કલમ-૮૫,૧૧૫(૨),૩૫૧(૩),૫૪ તથા દહેજ પ્રતિ. ધારા-૪ની જોગવાઇનાં આવશ્યક તત્વો ફરીયાદ પક્ષ આરોપી સામે કડીબદ્ધ રીતે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે અને કેસનાં રેકર્ડ પરથી પુરવાર થાય છે કે, હાલનાં કામે આરોપીઓએ ગુનો કર્યા અંગે શંકા ઉપસ્થિત કરતી હકીકતો પણ રેકર્ડ પર નથી. ફરીયાદપક્ષના હાલના ગુના અંગે આરોપી નો બદઈરાદો પણ પુરવાર કરી શકેલ નથી.

**(૧૦)** ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ વ્યાજબી શંકાથી પર પુરવાર કરવાનો રહે છે. વળી, ફરીયાદપક્ષે આરોપી સામેના આક્ષેપો સચોટ, કડીબદ્ધ અને વિશ્વસનીય પુરાવાને આધારે પુરવાર કરવાનો રહે છે. હાલના કામે ફરીયાદપક્ષ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. કાયદાનાં પ્રસ્થાપિત સિદ્ધાંતો અનુસાર આરોપીઓ વિરૂદ્ધ ગુનો પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે. ફરીયાદપક્ષ આરોપીઓએ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૮૫, ૧૧૫ (૨), ૩૫૧(૩), ૫૪ તથા દહેજ પ્રતિ.ધારા-૪ મુજબનો ગુનો કર્યાનું વ્યાજબી શંકાથી પર પુર વાર કરી શકેલ ન હોય, **મુદ્દા નં.૧**નો નિર્ણય **નકારમાં** ઠરાવી **મુદ્દા નં.૨** પરત્વે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો **આખરી હુકમ** કરવામાં આવે છે.

**:: <u>આખરી હુકમ</u> ::**

**૧.** આ કામના આરોપી **નં.(૧) નીકુંજભાઇ છગનભાઇ ગજેરા, (૨) ભાનુબેન વા/ઓ છગનભાઇ રવજીભાઇ ગજેરા, (૩) છગનભાઇ રવજીભાઇ ગજેરા, (૪) હિરલબેન ડો/ઓ છગનભાઇ રવજીભાઇ ગજેરા,** રહે.તમામ મુળ-વલારડી, તા.બાબરા, જી.અમરલી, હાલ રહે.તમામ સુરત, સાગર સોસાયટી, ડી-૩૭ એલ.એચ.રોડ વરાછા, તા.જી.સુરતનાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૨૭૧(૧) મુજબ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૮૫,૧૧૫(૨),૩૫૧(૩),૫૪ તથા દહેજ પ્રતિ.ધારા-૪ મુજબનાં ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આરોપીઓએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૧નાં પ્રબંધો મુજબ રૂા.૫,૦૦૦/- અંકે રૂપિયા પાંચ હજાર પુરાના સદ્ધર જામીન અને તેટલી જ રકમના જાત મુચરકા અપીલ સમય સુધી રજુ રાખવા ત્યાબાદ રદ ગણવા.

આ હુકમ આજરોજ **તા.૧૮મી, માહે-એપ્રિલ, સને-૨૦૨૬**ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**મુકામ : બગસરા.**
**તા.૧૮/૦૪/૨૦૨૬**

**(નિલેશકુમાર એમ. ચૌહાણ)**
**જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**બગસરા.(કોડ નં.જીજે-૦૧૬૪૭)**